# પ્રસ્તાવના

સ્વતંત્રતાની સુવર્ણજયંતીની પુર્ણાહુતીના પર્વે ગુજરાત સરકારે દરેક જીલ્લામાં નાગરિક અધિકારપત્ર જાહેર કરવાનો નિર્ણય કરેલ છે. આ પ્રસંગે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સ્થિત ગામોના નાગરીકોને વુડાની કામગીરી તથા તેમાં ઉપલ્બધ સેવાઓની માહીતી આપતી પુસ્તિકા સમર્પિત કરતા આનંદ અનુભવીએ છીએ.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળકે જે “વુડા” ના ટુકા નામથી ઓળખાય છે તેની સ્થાપનાને અઠાવીસ વર્ષ પુર્ણ થયા છે.વુડાની સ્થાપનાનો મુળ ઉદ્દેશ મ્યુનિ.કોર્પો.નીઆસપાસના વિકાસશીલ વિસ્તારોમાં સુવ્યવસ્થિત તથા સુગ્રથિત વિકાસ થાય તે હતો.આ અંગે વુડા ધ્વારા પ્રથમ ૧૯૭૯માં મુસધ્દારૂપ વિકાસ યોજના બનાવેલ છે જે મંજુર થઈ ૧૯૮૪માં અમલી બનેલ તથા હાલમાં ૧૯૯૬ થી પ્રથમ પુનરાવર્તીત વિકાસ યોજના અમલમાંઆવેલ છે.વુડા ધ્વારા તેની વિકાસ યોજનાને અનુરૂપ વિકાસ થાય તે અંગે નિયંત્રીત વિકાસ માટેના પગલા લેવાની સાથોસાથ તેના વિવિધ વિસ્તારોમાં નગર રચના યોજનાઓ બનાવી તે વિસ્તારનો સુંદર વિકાસ થાય તે માટે પણ કાર્યવાહી કરેલ છે.વુડા ધ્વારા પાદરા,સમા,તરસાલી જેવા વિસ્તારોમાં રસ્તાઓની સુવિધાઓ ઉપલ્બધ કરેલ છે.પીવાના પાણીની સમસ્યા ઉકેલવા ડ્રેનેજની સુવિધા ઉપલ્બધ કરાવવા અંગે આગામી વર્ષોમાં વિવિધ યોજનાઓ હાથ ધરેલ છે.જે ગામો બીલકુલ એપ્રોચથી વંચિત હતા તે ગામોને એપ્રોચ રસ્તાઓ આપવા અંગેની યોજના પણ કાર્યાન્વિત છે. હરીયાળુ વડોદરા બનાવવા બ્યુટીફુલ બરોડા કાઉન્સીલ સાથે મળી વૃક્ષારોપણના પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પાદરા ગામે આર્થીક પછાતો માટે રહેણાંક યોજનાઓ પણ કાર્યાન્વિત કરેલ છે. આ ઉપરાંત શહેરી ગરીબો માટે કુલ ૨૨૪૬ ઈ.ડબલ્યુ.એસ. આવાસોની યોજના પૂર્ણ કરેલ છે.

વુડા આ પ્રમાણે પોતાના કાર્યો /ફરજો બજાવવાના કાર્યોમાં પ્રગતીના પંથે છે.ત્યારે વુડાની કચેરીની મુલાકાતે પધારતા નાગરીકોને વિવિધ સરકારી કામગીરીઓના પ્રસંગે વુડામાં ઉપસ્થિત થવાનો પ્રસંગ બને ત્યારે સરકારી કામગીરીના તબકકાઓ,જેવા કે કઈ પ્રકારની પરવાનગીઓ લેવાની હોય છે,તે અંગે શું કાગળો રજુ કરવાના હોય છે.ફોર્મ્સ કયાંથી મળે છે. વિ. માહીતીઓ આ નાની પુસ્તિકા રૂપે પ્રગટ કરવાનો આ નમ્ર પ્રયાસ છે. આ પુસ્તિકા પાછળનો મુખ્ય ઉદ્દેશ નાગરીકોને વુડાને લગતી તમામ કામગીરી,તથા કચેરીમાંથી ઉપલ્બધ માહીતીઓ, પ્રમાણપત્રો, ફોર્મ્સ, સટીફીકેટો, નકશાઓ વિ.નો સંપુર્ણ ખ્યાલ આવે તે છે.વિવિધ સરકારી કામગીરી માટે સમયબધ્ધ કાર્યક્રમ નકકી કરી તે માહીતી લેવામાં આવેલ છે. વુડાની કચેરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની જોગવાઈઓને અનુરૂપ કાર્ય કરે છે તથા તેમાં જણાવેલ કાયદા પ્રમાણેની સમયમર્યાદા કરતા પણ ઓછા સમયમાં નાગરીકોને જવાબ મળી રહે તે માટે કચેરી સતત પ્રયત્નશીલ છે. હાલમાં જ વુડા ધ્વારા વહીવટમાં ગુણવત્તા તથા ગતિશીલતા આવે તે માટે કોમ્પ્યુટર ધ્વારા વિવિધ સર્ટી. તથા નકશાઓ ખુબ જ ટુંકા સમયગાળામાં મળી રહે તે અંગે કાર્યવાહી થઈ રહેલ છે.

આ પુસ્તિકાનો લાભ નાગરીકો ઉઠાવે અને વુડા કચેરી ધ્વારા વડોદરા એ એક આદર્શ જીલ્લો બને તે માટે જે પ્રયાસ કરેલ છે તેમાં નાગરીકો પણ સહકાર આપશે તેવો એમને વિશ્વાસ છે.

(શ્રી પી જે. ઔંધિયા(GAS))
મુખ્ય કારોબારી અધિકારી
વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.

( એન. વી. પટેલ )
ચેરમેન
વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની રચના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની જોગવાઈ અન્વયે તા.૦૧/૦૨/૭૮ થી અસ્તિત્વમાં આવેલ છે.વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં મ્યુનિ.કોર્પો.તથા વડોદરા,વાઘોડીયા તથા પાદરા તાલુકાઓના કુલ ૯૮ ગામો મળી કુલ ૭૧૪.૫૬ કી.મી.નો વિસ્તાર સમાવિષ્ટ છે.વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ ગામો તથા તેના રેવન્યુ વિસ્તારમાં સુવ્યવસ્થિત અને સુગ્રથિત આયોજીત વિકાસ થાય તે અર્થે વુડાએ તેની પ્રથમ મુસદ્દારૂપ વિકાસ યોજના તા.૧૭/૦૫/૭૯ થી પ્રસિધ્ધ કરેલ જે ત્યારબાદ સરકારશ્રીમાંથી મંજુર થઈ તા.૨૫/૦૧/૮૪ થી અમલી બનેલ તથા ને તા.૨૫/૧૧/૯૬ સુધી અમલી રહેલ. સદર વિકાસ યોજનામાં દર્શાવેલ ઝોન,રસ્તાઓ રીઝર્વેશનો,નગર રચના યોજનાઓ વિગેરે અનુરૂપ વિકાસ સત્તામંડળે તેની પ્રથમ વિકાસ યોજનાને દસ વર્ષ પુર્ણ થતા તેમાં જરૂરી ફેરફાર કરી તેની પ્રથમ પુનરાવર્તીત વિકાસ યોજના તૈયાર કરેલ તથા સરકારશ્રીમાં રજુ કરેલ. જે સરકારશ્રીમાંથી મંજુર થઈ તા.૨૬/૧૧/૯૬ થી અમલી બનેલ છે.તથા તેને અનુરૂપ બનાવાયેલ પુનરાવર્તીત વિકાસ નિયંત્રણ નિયમો (રીવાઈઝડ જી.ડી.સી.આર) પણ હાલમાં અમલમાં છે. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ વડોદરા મ્યુનિ. કોર્પો. વિસ્તારમાં વિકાસ નિયંત્રણની જવાબદારી વડોદરા મ્યુનિ. કોર્પો. કચેરીને સોપાયેલ છે.જયારે કે વુડા વિસ્તારમાં સમાવિષ્ટ બાકીના (૯૮) ગામોની વિકાસ નિયંત્રણની જવાબદારી વુડાની છે.ઉકત (૯૮) ગામોના ગામતળો,નગરપાલીકા વિસ્તારમા તથા રેવન્યુ વિસ્તારમાં કોઈપણ પ્રકારનો વિકાસ કરતા પહેલા વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ પાસે વિકાસ પરવાનગી મેળવવી આવશ્યક છે.વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ કચેરીમાંથી લેવાની થતી પરવાનગીઓ તથા તે અંગેની સુવિધાઓની વિગત નીચે મુજબ છે.

૧) આર્કીટેકટ રજીસ્ટ્રેશન – સમય મર્યાદા – દિન-૭

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારોમાં સુચિત બાધંકામની વિકાસ પરવાનગી મેળવવા રજીસ્ટર્ડ આર્કીટેકટ પાસે નકશા બનાવવા આવશ્યક છે.આ અંગે આર્કીટેકટશ્રી એ જો વડોદરામ્યુનિ.કોર્પો.કે કાઉન્શીલ ઓફ આર્કી.નું રજીસ્ટ્રેશન મેળવેલ હોય તો તેની ખરી નકલ,આર્કી./એન્જી.નું ડીગ્રી સર્ટી.તથા બે ફોટા સહ નિયત અરજી ફોર્મમાં અરજી કર્યેથી વિનામુલ્યે નોધંણી કરવામાં આવે છે.તથા આ અંગે વડોદરામ્યુનિ.કોર્પો.કે કાઉન્શીલ ઓફ આર્કી.નું રજીસ્ટ્રેશન કરાવેલ ન હોઈ તેવા કેસોમાં રૂા.૧૦૦૦/- ની ફી ભર્યેથી રજીસ્ટ્રેશન કરવામાં આવે છે.આ અંગે વુડાની તાંત્રીક શાખામાં મળીને અરજી કર્યેથી તુરંત આ અંગેની વિધિ પુર્ણ કરી રજીસ્ટ્રેશન કરવામાં આવે છે.

૨) વિકાસ પરવાનગી – સમય મર્યાદા – દિન-૯૦ (એકટ મુજબ)

વુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામતળો તથા તેની આજુબાજુના રેવન્યુ વિસ્તારમાં કોઈપણ પ્રકારનો વિકાસ કરતા પહેલા વુડાની વિકાસ પરવાનગી મેળવવી આવશ્યક છે.આ અંગેની વિધિ નીચે મુજબ છે.

૩) ઈંટપજાવો અંગેની પરવાનગી – સમય મર્યાદા – દિન-૯૦ (એકટ મુજબ)

વુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં કોઈ પણ પ્રકાર (હાથ ભઠ્ઠા અથવા ચીમની ભઠ્ઠા)ના ઈંટ પજાવો માટે વુડા કચેરી માંથી પરવાનગી મેળવવી આવશ્યક છે.આ અંગે વુડાની કચેરીના એકાઉન્ટ શાખામાંથી રૂા.૫/-ભર્યેથી ફોર્મ ઉપલબ્ધ થઈ શકે છે.સદર ફોર્મ સાથે

નીચેના ડોકયુમેન્ટસ જોડવાના હોય છે.વિકાસ ચાર્જનું ફોર્મ ટેકનીકલ શાખામાંથી વિનામુલ્યે ઉપલબ્ધ છે.

૧) ૭/૧૨ના ઉતારા લેટેસ્ટ એક નકલમાં
૨) ગામના નમુના નં.૬ની બધી એન્ટ્રીઓ એક નકલમાં
૩) ૮-અ નો ઉતારો એક નકલમાં.
૪) વુડામાંથી મેળવેલ સાઈટપ્લાન.

ઉપરોકત વિગતો નિયત અરજી ફોર્મમાં રજુ કર્યેથી સાથે જરૂરી ચકાસણી ફી તથા વિકાસ ચાર્જ ભર્યેથી વુડાની કચેરી દ્વારા ચકાસણી કરવામાં આવશે આ અંગે વુડાની કચેરીના અધિકારી/કર્મચારી દ્વારા સ્થળ ચકાસણી પણ કરવામાં આવશે.સઘળા ડોકયુમેન્ટસ યોગ્ય જણાયેથી ૪૫ દિવસમાં વિકાસ પરવાનગી આપવામાં આવે છે.આ અંગેની કાયદાકીય મહતમ સમયમર્યાદા દિન ૯૦ની છે.

બ) બાંધકામ અંગેની પરવાનગી – સમય મર્યાદા – દિન-૯૦ (એકટ મુજબ)

વુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામતળો તથા રેવન્યુ વિસ્તારોમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરતા પહેલા વુડાની વિકાસ પરવાનગી મેળવવી કાયદાનુસાર અત્યંત આવશ્યક છે.વુડાની વિકાસ પરવાનગી મેળવ્યા સિવાય કરવામાં આવનાર બાંધકામોને બીનઅધિકૃત ગણી પગલા લેવામાં આવે છે.વિકાસ પરવાનગી મેળવવા માટે વુડાની કચેરીના એકાઉન્ટ શાખામાંથી રૂા.૧૦/- ભરી અરજી ફોર્મ મેળવવાનું હોય છે.તથા ટેકનીકલ શાખામાંથી વિનામુલ્યે વિકાસ ચાર્જનું ફોર્મ ઉપલબ્ધ છે. સદર બન્ને અરજીપત્રકો ભરી તેમાં અરજદાર તથા રજીસ્ટર્ડ આર્કીટેકટ/એન્જીનીયરની સહી કરી નીચેના ડોકયુમેન્ટસ સહ કરવાની હોય છે.

૧) વિકાસ ચાર્જ તથા વિકાસ પરવાનગીનું અરજી ફોર્મ ૧ નકલ
૨) ૭/૧૨ ના ઉતારા લેટેસ્ટ ૧ નકલમાં
૩) ગામનો ઉતાર નં.૬ અ ની બધી એન્ટ્રીઓ ૧ નકલમાં
૪) ૮ અ નો ઉતારો ૧ નકલમાં
૫) ડી.આઈ.એલ.આર.માપણી શિટ/પ્રોપટી કાર્ડ/સીટી સર્વેનો ઉતારો/ટી.પી.નો માપવાળો નકશો (જે લાગુ પડે તે)
૬) હિસ્સા ફોર્મ નં.૪ / સનદ / એફ ફોર્મ ( જે લાગુ પડતુ તે )
૭) ઝોન સર્ટીફીકેટ
૮) સાઈટ પ્લાન
૯) રજીસ્ટર્ડ આર્કીટેકટશ્રી દ્વારા તૈયાર કરાયેલ સુચિત બાંધકામનો નકશો – ૪ નકલમાં
૧૦) જી.આઈ.ડી.સી.વિસ્તારમાં જી.આઈ.ડી.સી.નો નકશો એલોટમેન્ટ લેટર પઝેશન રીસીપ્ટ
૧૧) જમીન એન.એ.થયેલી હોય તો એન.એ.હુકમની નકલ.
૧૨) જરૂર જણાય તેવા કેસોમાં મેળવેલ કુલમુખત્યાર પત્રની પ્રમાણીત ઝેરોક્ષ નકલ.

ઉપરોકત અરજીફોર્મ તથા નકશા રજુ થયેથી વુડા દ્વારા ચકાસણી કરવામાં આવશે.જો જમીન વર્ગીકૃત રસ્તા પર હશે તો સંબંધીત કચેરીનો અભિપ્રાય મેળવવામાં આવશે જો જમીન કેનાલ કે રેલ્વેની નજીક હોય, જમીનમાંથી ઈલેકટ્રીક લાઈન કે ઓ.એન.જી.સી લાઈન

કે અન્ય લાઈન પસાર થતી હશે તો તે અંગે પણ સંબંધીત કચેરીનું ના વાંધા પ્રમાણપત્ર મેળવવામાં આવશે. જી.આઈ.ડી.સી.વિસ્તારમાં હશે તે જી.આઈ.ડી.સી.નું એન.ઓ.સી. મેળવાશે તથા પોલ્યુટીંગ ઈન્ડસ્ટ્રી હશે તો ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ ન વાંધાપ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

ઉપરોકત સઘળા ડોકયુમેન્ટસ યોગ્ય જણાશે તથા અભિપ્રાયો મળી ગયેથી જો નકશા જી.ડી.સી.આર.પ્રમાણે યોગ્ય હશેતો સત્વરે વિકાસ પરવાનગી આપવામાં આવશે.આ અંગે વુડાના કર્મચારી/અધિકારી ધ્વારા સ્થળનિરીક્ષણ પણ કરવામાં આવશે.વિકાસ પરવાનગી પ્રકરણોમાં મહતમ સમયમર્યાદા ૯૦ દિવસમાં નિર્ણય લેવામાં આવે છે.

ક) પ્લીન્થ ચેક - સમય મર્યાદા – દિન-૧૦

વુડામાંથી વિકાસ પરવાનગી મેળવ્યા બાદ પ્લીન્થ સુધીનું બાંધકામ પુર્ણ થયેથી પ્લીન્થ ચેક મેળવવું ફરજીયાત છે.આ અંગે જી.ડી.સી.આર.માં પ્લીન્થ ચેક અંગે દર્શાવેલ અરજીફોર્મ,આર્કીટેકટ સર્ટી,સ્ટ્રકચરલ એન્જી.રીપોર્ટ સાથે વુડામાંથી મેળવેલ વિકાસ પરવાનગી પત્ર તથા નકશાની નકલ રજુ કરી સાથે જરૂરી ચકાસણી ફી ભરવાની રહેશે.અરજી રજુ થયેથી દિન-૧૦માં વુડાના કર્મચારી ધ્વારા ચકાસણી કરવામાં આવશે તથા વિગતો યોગ્ય જણાયેથી દિન ૧૫ માં પ્લીન્થ ચેક આપવામાં આવશે.

ડ) ઓકયુપન્સી સર્ટી - સમય મર્યાદા – દિન-૧૫

વુડામાંથી મેળવેલ વિકાસ પરવાનગીને અનુરૂપ બાંધકામ પુર્ણ કરી તેનો વાપર ઉપયોગ કરતા પહેલા વુડા પાસેથી ઓકયુપન્સી સર્ટી.મેળવવું ફરજીયાત છે.આ અંગે સ્થળે બાંધકામ પુર્ણ થયેથી આ અંગે વુડાના જી.ડી.સી.આર.માં દર્શાવેલ લોરાઈઝ/હાઈરાઈઝના ફોર્મ ભરી જરૂરી રજીસ્ટર્ડ,આર્કીટેકટનું પ્રમાણપત્ર,સ્ટ્રકચરલ એન્જીનીયરનો રીપોર્ટ,ચકાસણી ફી ભરી રજુ કર્યેથી વુડાના કર્મચારી ધ્વારા દિન ૧૦માં સ્થળ ચકાસણી કરવામાં આવશે.તથા વિગતો યોગ્ય જણાયેથી દિન ૧૫ માં ઓકયુપન્સી સર્ટી.આપવામાં આવશે.

૩) વુડામાંથી ઉપલબ્ધ સર્ટીફીકેટ / નકશાઓ :

અ) ઝોન સર્ટીફીકેટ : દિન-૩

વુડા કચેરીના ડ્રોઈંગ બ્રાન્ચમાં સવારે ૧૦.૩૦ થી બપોરે ૨.૩૦ સુધી અરજદારોની જમીનોના ઝોનની મૌખીક માહીતી મેળવી શકાય છે તથા વધુમાં ડ્રોઈંગ બ્રાન્ચમાં ઉપલબ્ધ વિના શુલ્કનું ફોર્મ ભરી તે સાથે જરૂરી ગામ અને સર્વે નંબર/અંતીમ ખંડ નં.ની વિગતો ભરી સર્વે નંબરદીઠ નીયત ફી ભર્યેથી લેખીત ઝોન સર્ટી.દીન - ૩ માં ઉપલબ્ધ કરવામાં આવે છે.

બ) સાઈટ પ્લાન :- સમય મર્યાદા – દિન-૭

વુડાની કચેરીમાં ડ્રોઈંગ શાખામાં વિનામુલ્યે સાઈટ પ્લાન માટેના ફોર્મસ ઉપલબ્ધ છે.તેમાં સર્વે નંબર /બ્લોકનં./અંતીમખડ નંબર તથા ગામની વિગતો ભરી એકાઉન્ટબ્રાન્ચમાં સર્વે નંબર દીઠ જરૂરી ફી ભર્યેથી સાઈટ પ્લાન તથા જો જમીન વુડાની નગરરચના યોજનામાં હોય તો ફાઈનલ પ્લોટનો નકશો તથા એફ.ફોર્મ દિન - ૭ માં ઉપલબ્ધ કરવામાં આવે છે.

૪) વુડામાંથી આપવામાં આવતા અભિપ્રાયો : સમય મર્યાદા – દિન-૭

અ) જુની મંજુર તથા નવી પુનરાવર્તીત વિકાસ યોજનાના ઝોન (એક જ પત્રકમાં વુડાની તાંત્રીક શાખામાં જોઈતી માહીતી અંગે કોરા કાગળોમાં અરજી કરી વિગતો જણાવ્યેથી જરૂરી ફી

ગણી આપવામાં આવશે જે ફી ભરી જરુરી વિગતો સહ ની અરજી રજુ થયેથી દિન-૭ માહીતી માં આપવામાં આવે છે.

બ) ગામ વુડામાં આવે છે કે કેમ તેની વિગતો : સમય મર્યાદા – દિન-૭

વુડામાં તાંત્રીક શાખામાં વુડા વિસ્તારમાં આવતા ગામો તથા તેના ૩૦૦/૬૦૦ મી.અંતરમાં સ્થિત જમીનોમાં માંળવાપાત્ર ઉપયોગ અંગેના અભિપ્રાયો સાદા કાગળમાં અરજી કરી ભર્યેથી દિન - ૭ માં જવાબ આપવામાં આવે છે.

ક) ઝોનને અનુરૂપ ઉપયોગો/જી.ડી.સી.આર.ની જોગવાઈઓ બાબતે અભિપ્રાયઃ સમય મર્યાદા દિન ૭

વુડાના નવા મંજુર પુનરાવર્તીત જી.ડી.સી.આર.ની જોગવાઈઓ તથા યુઝ ઝોન ટેબલમાંદર્શાવેલ ઝોનને અનુરૂપ ઉપયોગો, માર્જીન, બીલ્ટઅપ, એફ.એસ.આઈ. વિ. બાબતે જરૂરી અભિપ્રાયો અથવા જરૂરી અભિપ્રાયો અથવા સ્પષ્ટતા અંગે સાદા કાગળમાં અરજી તાંત્રીક શાખામાં રજુ કર્યેથી જરૂરી ફી ભરાવી પ્રત્યુતર દિન ૭ માં આપવામાં આવે છે.

ડ) વડોદરા મ્યુનિ.કોર્પો.વિસ્તારના વિકાસ ચાર્જની ગણત્રી : સમય મર્યાદા – દિન-૧

વડોદરા મ્યુનિ.કોર્પો.વિસ્તારની જમીનોમાં કોઈપણ પ્રકારનો વિકાસ કરતા પહેલા અરજદાર વુડા કચેરીમાં વિકાસ ચાર્જની ગણતરી કરાવી વિકાસ ચાર્જ ભરપાઈ કરી,વિકાસ ચાર્જનું પ્રમાણપત્ર મેળવી તેની નકલ સહ વડોદરા મ્યુનિ.કોર્પો.કચેરીમાં અરજી કરવાની હોય છે.આ અંગે વુડા કચેરી ની ડ્રોઈંગશાખામાં વિનાશુલ્ક ઉપલબ્ધ ફોર્મ મેળવી તે ભરી તે સાથે રજીસ્ટર્ડ આર્કીટેકટ પાસે બનાવડાવેલ નકશા રજુ કર્યેથી ટેકનીકલશાખામાંથી વિકાસ ચાર્જ ગણત્રી કરી આપવામાં આવે છે.તથા વિકાસ ચાર્જ ભર્યાના બીજા દિવસે વિકાસ ચાર્જ ભર્યાનું લેખીત પ્રમાણપત્ર આપવામાં આવે છે. વિકાસ ચાર્જ ગણતરી કરાવતી વખતે જો બાંધકામો ૧.૩.૯૨ પહેલાના હોય તથા તેને માટે ઓકયુન્સ.સર્ટી.મેળવેલ હોયતો તેની નકલ રજુ કર્યેથી બાંધકામ પુરતુ વિકાસ ચાર્જ માફ આપવામાં આવે છે.

ઈ) વિકાસ પરવાનગી નકલો,વિકાસ ચાર્જ પ્રમાણપત્રની નકલો : સમય મર્યાદા – દિન-૩

વુડામાંથી મેળવેલ વિકાસ પરવાનગી પત્ર,વિકાસ ચાર્જ ભર્યાનું પ્રમાણપત્ર વિગેરે દસ્તાવેજો માટે અરજદાર ધ્વારા સાદા કાગળમાં અરજી કરી જરૂરી ફી ભર્યેથી દિન - ૩ માં નકલો કાઢી આપવામાં આવે છે.

એફ) વિવિધ કચેરીઓમાંથી મંગાવતા પ્રમાણપત્રો / અભિપ્રાયો :

વિવિધ કચેરીઓ જેવી કે કલેકટર કચેરી, મામલતદાર કચેરી, પોલીસ કમીશ્નરશ્રીની કચેરી, યુ.એલ.સી. કચેરી, ડી.આઈ.એલ.આર. તથા સીટી સર્વેની કચેરી વિ.માંથી વિવિધ અભિપ્રાયો / માહીતી વુડામાંથી મંગાવાતી હોય છે. જે અંગેની નીચેના સમયપત્રક પ્રમાણે જવાબો કરવામાં આવે છે.

૧) ઝોનને લગતા અભિપ્રાયો દિન ૭ માં આપવામાં આવે છે.

૨) જમીનની ફાળવણીને લગતા અભિપ્રાયો દિન ૧૫માં આપવામાં આવે છે.

૩) સાઈટ પ્લાન તથા નકશાઓની વિગત દિન ૦૭ માં પાઠવવામાં આવે છે.

૪) પોઈઝન, પેટ્રોલીયમ, ફટાકડા સંગ્રહ જેવાને લગતા અભિપ્રાય દિન - ૧૫ માં પાઠવવામાં આવે છે.

## વુડાની કચેરીમાં લેવામાં આવતી વિવિધ પ્રકારની ફી / વિકાસ ચાર્જનું ધોરણ નીચે મુજબ છે.

૧) અ) ચકાસણી ફી ( વિકાસ પરવાનગીના પ્રકરણો )

| | |
|---|---|
| જમીનની ચકાસણી ફી | રૂા.૧/- પ્રતિ ચો.મી. |
| બાંધકામની ચકાસણી ફી રહેણાંક | રૂા.૧.૫૦/- પ્રતિ ચો.મી. |
| અન્ય સઘળા ઉપયોગ | રૂા.૨/- પ્રતિ ચો.મી. |
| લઘુતમ ચકાસણી ફી | રૂા.૩૦૦/- |

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

" વુડા ભવન " એલ. એન્ડ. સર્કલ પાસે, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા – ૩૯૦૦૧૮

રીન્યુઅલ પરવાનગી માટે ફી રૂા.૫૦૦/- પ્રતિ વર્ષ તથા પરવાનગી નિયત સમય મર્યાદામાં ન કરેલ કેસોમાં દંડ રૂા.૫૦/- પ્રતિ માસ.

બીન પરવાનગી બાંધકામો જો વુડાના જી.ડી.સી.આર.ને અનુરૂપ પરવાનગી પાત્ર હોય તો રેગ્યુલાઈઝ કરવા અંગેનું પ્રીમીયમનું ધોરણ બીલ્ટઅપના રૂા.૩૦/- પ્રતિ ચો.મી.રહેણાંક ઉપયોગ માટે તથા બીલ્ટ અપના રૂા.૪૦/-પ્રતિ ચો.મી.અન્ય ઉપયોગ માટે (અગાઉ વિકાસ પરવાનગી મેળવેલ પ્રકરણોમાં મંજુર થયેલ બીલ્ટઅપને કુલ પ્રીમીયમની ગણતરીમાંથી બાદ આપવામાં આવશે.)

બ) ઈંટપજાવો માટે ફી નુ ધોરણ :

| | |
|---|---|
| (૧) ચીમની ભઠ્ઠા | રૂા.૫૦૦/-પ્રતિ ૦.૪ હેકટર અથવા તેના ભાગરૂપ,મહતમ રૂા.૨૫૦૦/- |
| (૨) હાથ ભઠ્ઠા | રૂા.૨૫/-પ્રતિ,૦.૧ હેકટર અથવા તેના ભાગરૂપ,મહતમ રૂા.૫૦૦/- |
| (૩) રીન્યુઅલ પરવાનગી | રૂા.૫૦/-પ્રતિ વર્ષ ચીમની ભઠ્ઠા માટે રૂા.૨૫/-પ્રતિ વર્ષ હાથ ભઠ્ઠા માટે |

ક) વૃક્ષારોપાણ :

વૃક્ષારોપાણ ફી વિકાસ પરવાનગી મંજુર થયેલ રહેણાંકના અલગથી મુકેલ પ્લાનીંગ માટે રૂા.૨૦૦/- પ્રતિ એક મકાન,લેઆઉટ તથા પ્લોટેડ ડેવલપમેન્ટ માટે દર ૧૦૦ ચો.મી.જમીન દીઠ એક વૃક્ષ તથા દર વૃક્ષે રૂા.૨૦૦/- ફી તથા ખેતી વિષયક ઝોનના ઉપયોગ માટે દર ૮૦ ચો.મી.બાંધકામ દીઠ ૧ વૃક્ષ દીઠ રૂા.૨૦૦/- ની ફી ભરપાઈ રવાની રહેશે.

| નં. | આઈટમનીવિગત | સુચિતભાવ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ઝોન સર્ટી / ઝોન અભિપ્રાયપ્રતિ સર્વે નંબરના | રૂા.૨૦૦/- |
| ૨ | વિ.યોજનાનો પાર્ટ પ્લાનએક સર્વે.નં.ના વધારાના<br>દરેક સર્વે નંબર | રૂા.૩૦૦/-<br>રૂા.૧૫૦/- |
| ૩ | વુડાની વિકાસ યોજનાના (પુનરાવર્તિત) નો ઈન્ડેક્ષ પ્લાનની ડીજીટલ કોપી<br>ગામવાઈઝ વિકાસ યોજનાની / નગર રચના યોજનાની ડીજીટલ નકલ<br>વુડાની વિકાસ યોજનાની ગામવાઈઝ હાર્ડકોપી<br>વુડાની વિકાસ યોજનની આખી ડીજીટીટલ કોપી<br>એક સર્વે નંબરના હાર્ડ કોપી<br>વધારાના સર્વે નંબરની હાર્ડ કોપી | રૂા.૧૦૦૦/- પ્રતિ નકશો<br>રૂા.૧૦૦૦/- પ્રતિ ગામ<br>રૂા.૧૦૦૦/- પ્રતિ ટીકા<br>રૂા.૫૦૦૦/- પ્રતિ કોપી<br>રૂા.૩૦૦/-<br>રૂા.૧૫૦/- |

| | | |
|---|---|---|
| ૪ | ટીપી.સ્કીમનો<br>ફા.પ્લોટ નો પ્લાન<br>એક.ફા.પ્લોટના<br>( સ્કેલ ૧ : ૨૦)<br>એક કરતાં વધારે ફા. પ્લોટના<br>( સ્કેલ ૧ : ૨૦) | <br><br>રૂા.૩૦૦/-<br><br>રૂા.૧૫૦/- |
| ૫ | પાર્ટ પ્લાનએક.ફા.પ્લોટના( સ્કેલ ૧ : ૪ ) | રૂા.૩૦૦/- |
| ૬ | એફ ફોર્મ<br>એક ફા.પ્લોટના<br>એક કરતાં વધારે ફા. પ્લોટના | <br>રૂા.૨૫૦/-<br>રૂા.૨૦૦/- |
| ૭ | કોરી પ્રિન્ટ ,(એરપોર્ટ અલગ કોપી ) | રૂા.૧૦૦/-(પ્રતિ ચો.ફુટ)<br>(રૂા. ૫૦૦/-લઘુત્તમ) |
| ૮ | વિકાસ યોજનાનો નકશો<br>નાનો<br>મોટો<br>એમોનીયાકોપી (મોટા) | <br>રૂા.૩૫૦/-<br>રૂા.૬૦૦/-<br>રૂા.૩૫૦/- |
| ૯ | ડીપી રીપોર્ટ અથવા અન્ય પ્રસિધ્ધ ડોકયુમેન્ટ | રૂા.૨/-પ્રતિ પેજના |
| ૧૦ | વિકાસ પરવાનગીની ખરી નકલ મંજુર થયેલ<br>વિ.પરવાનગીના નકશાની નકલ | રૂા.૧૦૦/-<br>રૂા. ૫૦૦/- |

| ઉપયોગ | વડોદરા શહેરનો કેન્દ્રિય વિસ્તાર | વડોદરા શહેરી કરણ વિસ્તાર પુર્વે ને.હા બાયપાસ તેમજ પશ્ચિમ સુચિત વેસ્ટર્ન બાયપાસ વચ્ચેનો વિસ્તાર | પુર્વ ને.હા.બાયપાસ અને પશ્ચિમ સુચિત વેસ્ટર્ન બાયપાસ બહાર નો પરંતુ વુડાની હદની અંદરનો વિસ્તાર |
|---|---|---|---|

૩. વિકાસચાર્જનું ધોરણ :

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|

(૧) ખુલ્લી જમીન માટે પ્રતિ હેકટર રૂા.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧. | રહેણાંક | ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- | ૫,૦૦૦/- |
| ૨. | વાણિજય | ૪૦,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- |
| ૩. | ઓદ્યોગિક | ૫૦,૦૦૦/- | ૪૦,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૪. | અન્ય ઉપયોગો | ૩૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- |

(૨) બાંધકામ વિસ્તાર માટે પ્રતિ ચો.મી.રૂા.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | રહેણાંક | ૬ | ૪ | ૨ |
| ૨. | વાણિજય | ૧૦ | ૮ | ૬ |
| ૩. | ઓદ્યોગિક | ૧૪ | ૧૨ | ૮ |
| ૪. | અન્ય ઉપયોગો | ૮ | ૧ | ૪ |

(૩) વિ × ચા.ગણવાની પધ્ધતી.

૧. ૧૭-૫-૭૯ પેલાનું ઓ.સી.હોય તો જમીનના તથા હયાત બાંધકામના વિકાસ ચાર્જ ગણવા નહી.

૨. ૧-૩-૯૨ પહેલાનું ઓ.સી.હોય તો માત્ર જમીનના વિકાસ ચાર્જ ગણવો.

૩. ૧-૩-૯૨ પછીનું ઓ.સી.હોય તો જમીન હયાત બાંધકામ સુચિત બાંધકામનો વિ×ચા લેવો.

૪. ટી.પી.સ્કીમ નો ઓકયુપન્સી સર્ટી નો સબ પ્લોટના ક્ષેત્રફળમાં ૨૩ % ઉમેરવો. (જમીનનું ક્ષેત્રફળ × ૧.૨૩)

૫. રે.સ.ન.સબ પ્લોટ હોય તો ૩૩ % ઉમેરવા. (જમીનનું ક્ષેત્રફળ × ૧.૩૩)

૬. ટેનામેન્ટમાં હયાત બાંધકામનું ક્ષેત્રફળ × કુલ જમીન+કુલ હયાત ગ્રાઉન્ડ ફલોરના બાંધકામ ક્ષેત્રફળ.

નોંધ : ચકાસણી ફી તથા વિકાસ ચાર્જના ઉપરોકત દરો વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ તથા સરકારશ્રી કક્ષાએ ભવિષ્યમાં લેવાનાર વખતોવખતના ફેરફારને આધીન રહેશે.

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ કચેરીમાં જાહેર જનતાને ઉપલબ્ધ વિગતો તથા તે માટે નકકી કરેલ નિશ્ચિત સમયની વિગત :

| અનું | વિગત | ઉપલબ્ધ થવાનો સમયગાળો |
|---|---|---|
| ૧. | આર્કીટેકટ રજીસ્ટ્રેશન | ૭ દિવસ |
| ૨. | વિકાસ પરવાનગી | ૯૦ દિવસ |
| ૩. | પ્લીન્થ ચેક | ૧૦ દિવસ |
| ૪. | ઓકયુપેશન સર્ટીફીકેટ | ૧૫ દિવસ |
| ૫. | ઝોન સર્ટીફીકેટ | ૩ દિવસ |
| ૬. | સાઈટ પ્લાન | ૭ દિવસ |
| ૭. | જુની મંજુર તથા નવી પુનરાવર્તીત વિકાસ યોજના ઝોન (એક જ પત્રકામાં) | ૭દિવસ |
| ૮. | ગામ વુડામાં આવે છે કે કેમ તેની વિગત | ૭ દિવસ |
| ૯. | ઝોનને અનુરૂપ ઉપયોગો / જીડીસીઆર ની જોગવાઈઓ બાબતે અભિપ્રાય | ૭દિવસ |
| ૧૦. | પ્રમાણપત્રની નકલો | ૩ દિવસ |
| ૧૧. | વિવિધ અભિપ્રાયો ( વિવિધ સરકારી કચેરીઓને લગતા ) | ૧૫દિવસ |

---

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ કચેરીના અગત્યના ટેલીફોન નંબરોની યાદી :**

---

| | | |
|---|---|---|
| **અધ્યક્ષશ્રી** | **(ઓ)** | **૨૪૬૨૨૫૦** |
| | **(ઓ)** | **૨૪૬૬૭૧૦,૧૫,૧૭** |
| **મુખ્ય કારોબારી અધિકારીશ્રી** | **(ઓ)** | **૨૪૯૦૦૧૯** |
| | **(ઓ)** | **૨૪૬૬૭૧૦, ૧૫, ૧૭** |
| | **(રહે)** | **૯૦૯૯૯૦૧૩૯૯** |
| **નાયબ કલેકટરશ્રી** | **(ઓ)** | **૨૪૬૬૭૧૦, ૧૫, ૧૭** |
| | **(રહે)** | **૯૮૨૫૦૪૭૯૧૪** |
| **નગર નિયોજકશ્રી** | **(ઓ)** | **૨૪૬૬૭૧૦, ૧૫, ૧૭** |
| | **(રહે)** | **૯૮૨૪૨૬૫૨૩૮** |
| **કચેરી ફોન** | **(ઓ)** | **૨૪૬૬૭૧૦, ૧૫, ૧૭** |
| | **ફેકસ** | **(૦૨૬૫) ૨૪૬૫૧૨૨** |